જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૧/૨૦૧૮ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૦૧/૧૮</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧૧ કેસ કરી, ૧૦૬ વ્યક્તિઓને ઝડપી, ૭૯ લીટર દેશી દારૂ, ૨૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૭૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૧ કાર, ૦૧ ઓટોરીક્ષા, ૦૧ મોટર સાયકલ, અને ૦૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૫૦,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૦૨/૧૮</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડ ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૦૩/૧૮</u>**

**નારણપુરા :** ગોપાલચંન્દ્ર ચેતનદાસ મહાત્મા (ઉ.વ.૭૩)(રહે,ભગવતીનગર સોસાયટી, સંભવનાથ એપાર્ટમેન્ટ પત્રકાર કોલોની સામે, પ્રગતિનગર, નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૨/૧૭ ના કલાક ૦૦/૦૦ થી સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિએ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી મ્યુઝીક સીસ્ટમ પ્લેયર કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, કેમેરો કિંમત રૂપિયા ૫૦૦/-, બે સોનાની ચેન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/-, બે સોનાના પેન્ડલ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, સોનાના ટોપ ચેન સાથેના કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, એક પ્લેટીનીયમ ધાતુની પેન્ડલ સાથેની ચેઇનકિંમત રૂપિયા ૩૦,૦૦૦/-, ચાંદીની પગની ઝાંઝરી નંગ-૪ કિંમત રૂપિયા ૬,૦૦૦/-, ચાંદીની પુજાની થાળીકિંમત રૂપિયા ૬,૦૦૦/-, બે ચાંદીના બ્રેસલેટ કિંમત રૂપિયા ૬૦૦/-, ચાંદીની રાખડી કિંમત રૂપિયા ૩૦૦/- આદીનાથ ભગવાનની ચાંદીની પટ્ટી કિંમત રૂપિયા **૩૦૦/-,** ચાંદીના ઝુમખા નંગ-૨ ૩૦૦/-, ચાંદીના મોતીવાળા ટોપ કિંમત રૂપિયા ૩૦૦/-, ચાંદીની વીંટી ૬૦૦/-, રોકડા રૂપિયા ૮,૦૦૦/-, વિદેશી ચલણી સિક્કા આશરે ૧૦ થી ૧૫ કિંમત રૂપિયા ૦૦/૦૦, સેન્ટ્રલ બેંન્કની અલગ-અલગ ચાર ખાતાની ચેક બુકો, પાસપોર્ટ, મળી કુલ રૂપિયા ૧,૩૨,૯૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એચ.ચૌધરી ચલાવે છે.

**લુંટની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૦૪/૧૮**

**અમરાઇવાડી :** સિયારામ રામગરીબ બોરાશી (ઉ.વ.૫૫)(રહે, સદભાવનાનગર, વટવા રેલવે ક્રોસિંગ પાસે વટવા) તા.૩૦/૧૨/૧૭ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ગોમતીપુર થી ખોખરા બ્રીજ તરફ આવતા સલાટનગર કો.ઓ.સોસાયટી સામે રોડ ઉપર પોતાની લોડીંગ રીક્ષા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક એક્ટિવા ઉપર આવેલ ત્રણ અજાણ્યા ઇસમોએ ભેગામળી સિયારામ ને ચપ્પુ બતાવી, તેમના ખિસ્સામાં મુકેલ રોકડ રૂપિયા ૧૨,૭૫૮/- કાઢી લઇ લુંટ કરી એકટીવા ઉપર બેસી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સિયારામ બોરાશીએ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૦૫/૧૮**

**ખાડીયા :** રાધેશ્યામ મોહનલાલ જોષી (રહે,કાચવાડો રાયપુર) એ તા.૩૧/૧૨/૧૭ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૧૭ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની મહિંદ્રા કંપનીની જાયલો ગાડી નંબર જીજે.૦૧.કે.એલ.૭૩૫૬ કિંમત રૂપિયા ૧,૭૫,૦૦૦/- પાર્ક કરી મુકી હતી જેની ચોરી તા.૨૩/૧૨/૧૭ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એ.ભરગા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૦૬/૧૮**

**રીવરફ્રન્ટ વેસ્ટ (૧) :** પ્રગ્નેશભાઇ ગુળવંતભાઇ રામી(ઉ.વ.૫૬)(રહે,ગોદાવરીનગર વિભાગ-૦૧ જૈન મંદિર પાસે ઉસ્માનપુરા) એ કોઇ અગમ્ય કારણસર તા.૩૦/૧૨/૧૭ રાતનાં ૧૦/૪૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્રીમ ભાગે બાટા શો-રૂમ ની પાછળ રિવરફ્રંટ વોક-વે પગથીયાં નં-૩૧, ઘાટ નં-૦૬ ખાતે સાબરમતી નદી ના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટ (૨) :** બ્રીજેશ ભરતભાઇ ભટ્ટ (ઉ.વ.૬૦)(રહે,સ્મૃતીબીંદુ સ્મુતીમંદીર ઘોડાસર) એ કોઇ અગમ્ય કારણસર તા.૩૧/૧૨/૧૭ બપોરનાં ૦૩/૪૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્રીમ ભાગે સાબરમતી નદી ના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.